શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

**અવલોકન ગ્રંથમાળા**

છાણાં થાપી આવ્યાં
ઓતરાતી દીવાલો ભાગ–૧
ઓતરાતી દીવાલો ભાગ–૨
ગામમાં
મામાની જાળ્ય
વાડામાં
ધોબીડો ધુવે છે
ગામડામાં મળજો

•


આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

•

રમ્યકથા ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
ચાલો પ્રવાસે ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનપરિચય ગ્રંથમાળા
હાસ્યવિનોદ ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા

**આર. આર. શેઠની કંપની**
મુંબઈ–૨ * અમદાવાદ–૧

ટાઈટલ : ન્યૂ સિટી પ્રેસ, અમદાવાદ.



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# અવલોકન ગ્રંથમાળા

## ધોબીડો ધુવે છે.

ગિજુભાઈ
તારાબેન



શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

અવલોકન ગ્રંથમાળા

# ધોબીડો ધુએ છે

: લેખક :
ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૪૦૦૦૦૨ : અમદાવાદ-૩૮૦૦૦૧

©
પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
ઑક્ટોબર ૧૯૭૬
પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂ. ૧૦-૭૮
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( જિ. ભાવનગર )

# નન્નુ ધોબી

નીચે ખામણે, મજબૂત બાંધે, બેઠી થડીનો નન્નુ ધોબી હતો.

સોટા જેવી પાતળી ને તાડ જેવી ઊંચી નન્ની ધોબણ હતી.

વાને કાળો, રૂપે નમણો નન્નુ ધોબી હતો.

વાને ગોરી, રૂપે વરવી નન્ની ધોબણ હતી.

ધોબીધોબણ ધોળાં કપડાં પહેરે, ઊજળાં કપડાં પહેરે, નિતનવા કપડાં પહેરે.

નન્નુ ઘેરઘેર જાય, મેલાં કપડાં લઈ આવે, ધોયેલાં કપડાં આપી આવે ને હિસાબકિતાબ સમજી લાવે.

ઘરમાં કામ નન્ની કરે, મેલાં કપડાં બાફી નાખે, ઘણો બધો ખારો છાંટે, ગધેડાંને નીરણ કરે, ને ઊભી ઊભી ઈસ્ત્રી કરે.

ધોબીધોબણ ધોવા જાય.

---

ખામણું=કાઠું, બાંધો થડી=ઘડ વાન=રંગ
વરવી=કદરૂપી, બેડોળ

ગાંસડાપોટલાં ગધેડાં ઉપર ને છોકરાં છૈયાં ગાંસડા ઉપર; નન્નુનન્ની વાંસેવાંસે. નવા ઘરાક ગણતાં જાય, લેણુંદેણું ગણતા જાય, વરવાપર વિચારતાં જાય, ને એમ ઘરની વાતો કરતાં જાય. બીજો વખત ક્યારે મળે?

સવારે ઊઠીને રોટલા ઘડવા અને કપડાં બાંધવાં; દિવસ આખો ધોયા કરવું, અને ઘેર આવી થાક્યાપાક્યા સૂઈ જવું.

નદી નિર્મળ ચાલી જાય,
બે કાંઠે રેતી સોહાય.

ખડકા પાસે ઊભો રહી, બે હાથે કપડું પકડી, નન્નુ ધોબી ઝીક મારે, સીટી સાથે સીસ કરે; નવી નવી બોલી બોલે, ધબ ધબ ધબકારા થાય ને ભેખડમાંથી પડઘા પડે. ખડકા ઉપર ધબ ધબ; સામેથી યે ધબ ધબ, સી સી પડઘા પડે.

ધોબીડો ધુએ છે; ખળખળ પાણી જાય છે.

ધોબણ કપડાં સૂકવે છે;
નાનાં છોકરાં રમે છે;
શંખલાંછીપલાં વીણે છે.

---

વરવાપર=સંબંધ સગાઈ

સોહાય=શોભે



ધોબીડો ધુએ છે; ખળખળ પાણી જાય છે.

તડકો તપ્યો, રેતી તપી, લૂગડાં તપ્યાં, નન્નુ તપ્યો, નન્ની તપી, છોકરાં તપ્યાં.

છોકરાં કહે : "ભૂખ લાગી."

નન્નુ કહે : "રોટલા કાઢ."

નન્ની કહે : "ખાવા ચાલો."

નન્નુનન્ની ને છોકરાં સાથે બેસીને ખાય.

નદીનીર ખળખળ વહી જાય;
સૂકલ કપડાં કડકડ થાય.

બપોર આખો ધો ધો;
બધો વખત ધો ધો;
સાંજ સુધી ધો ધો.

ટાઢો ઢળ્યો ને સાંજ થઈ; કપડાં ઊપડ્યાં ને પોટલાં બંધાયાં; ગધેડાં ઊઠ્યાં ને પીઠે લદાયાં. છોકરાંછૈયાં અને નન્નુનન્ની ઘર ભણી ચાલી નીકળ્યાં.

ધોબીધોબણ ધોઈ આવ્યાં; નાનાં છોકરાં રમી આવ્યાં.

રોટલા ઘડવા નન્ની બેઠી; નીરણ કરવા નન્નુ ગયો; વાટ જોતાં છોકરાં બેઠાં.

---

નીર=પાણી

તાંસળીમાં છાશ ને કથરોટમાં રોટલા. આણી કોરથી નન્નુ લે, પેલી કોરથી નન્ની લે, વચ્ચે વચ્ચેથી છોકરાં લે.

મોળી છાશ ને જારના રોટલા.

કડકડીને ભૂખ, આખા દિવસનો થાક ને જમવાનું સુખ.

★

## ચાઊસ

રાતના અગિયાર વાગે છે. ચાઊસ ઊંઘે છે; ઘસઘસાટ.

હમણાં બાર વાગશે : ટણિંગ, ટણિંગ, ટણિંગ.

ત્યાં તો ચાઊસ ઊઠશે; આંખો ચોળશે ને ઊભો થશે.

હળવે રહી પથારી સંકેલશે, ખાટલો ઉપાડશે, બત્તી હાથમાં લેશે, જમૈયા પર હાથ નાખશે, ખોંખારો ખાશે ને ચક્કર લગાવશે.

ચારે કોર જોશે, ધારી ધારીને જોશે. બારીઓ તપાસશે, તાળાં હલાવશે; નક્કી કરશે કે બધું બરાબર છે.

પાછો ખોંખારો ખાશે ને અરબી ગીત ગાશે; એકદમ ઊંચા રાગથી. ત્યાં તો એકદમ નીચો રાગ થશે. વળી પાછો ઊંચો, વળી પાછો નીચો. ચાઊસ એકલો એકલો બોલશે : જાણે કોઈકની સાથે વાતો કરે છે. પણ આપણને શું સમજાય ? હબોલોશબોલો જેવું બોલે.

મધરાત થઈ છે; એક વાગ્યો છે. ચાઊસ

આંખ ફાડીને બેઠો છે; ટટાર થઈને બેઠો છે.

મનમાં એક જ વાત છે. ચોર આવે તો ખોંખારું, પડકારું; નજીક આવે તો જમૈયો મારું. "જાન જાવે તો ક્યા? સાલે ચોરને આવવા દઉં?"

ઘરમાં શેઠ લખે છે. બાળબચ્ચાં ઊંઘે છે. શેઠ લેખાં લખે કે લેખ લખે, ચાઊસને શું? ચાહે તો મોટું ભાગવત લખે ને ચાહે તો નાનો પાઠ લખે. ચાઊસને શું?"

ચાઊસનું કામ ચોકીનું.

એ પણે એક તારો ખર્યો. પણે હરણું ઊગ્યાં ને વીંછીડો આથમ્યો. પણે લાલ તારો દેખાયો ને ભૂરો તારો ઝબક્યો. તારા આમ જાય તો યે શું, ને તેમ જાય તો યે શું? ચાઊસને એમાં લેવા ય નહિ ને દેવા યે નહિ.

ચાઊસનું કામ ચોકીનું.

ચીબરી બોલે તો ચાઊસ સામેથી 'હાઉક' બોલે; ઊલટો ચીસ નાખી ભગાડે! કૂતરું ભસે તો ચાઊસ 'હુ હુ' કરીને સામે દોડે. ઘરમાં બિલાડી ખખડાવે તો ચાઊસ બહારથી બોલે: "ખબરદાર, ખબરદાર!" દૂર ગાય ઊભી હોય તો ચાઊસ પૂછે: "કૌન, યે કૌન હૈ?" આમ



બધું ચાલે. પણ ચાઊસને કાંઈ લાગેવળગે નહિ.

એનું કામ તો ચોકીનું.

બે વાગે. ચારે કોર શાંતિ હોય. એક પાંદડું ય ખડખડતું ન હોય; પવન પણ સૂતો હોય. બધું સૂનકાર સૂનકાર હોય. વખતે ચાંદની પથરાઈ રહી હોય ને વખતે અંધારું ઘોર છવાઈ રહ્યું હોય, પણ ચાઊસનું રૂંવાડું યે ફરકે છે? એના મનમાં શું કવિતા ઊઠે છે? ના રે ભાઈ! એ કામ ચાઊસનું નહિ.

ચાઊસનું કામ ચોકીનું.

બેઠાં બેઠાં મનમાં કોણ જાણે કેવા યે વિચારો આવતા હશે. પણ શાના આવતા હશે? શેઠના? દિવસે શેઠ વઢ્યા હશે એના? બપોરે ડુંગળીનું શાક દાઝી ગયું હતું એના? કાલે છરાની ધાર કઢાવવી છે એના?

કોણ જાણે, અરબસ્તાન સાંભરતો હોય તો! તો તો તીખા તડકા યાદ આવે; તાડ અને ખજૂરીનાં ઊંચાં ઊંચાં ઝાડો નજરે ચડે; જૂના જૂના દોસ્તો સાંભરે. વખતે બાયડીછોકરાં યે સાંભરે.

ત્રણ વાગે એટલે ચાઊસ કાવો કરે. આ એનું મોટું જબરું કામ; આ એનો મોટો બધો વિરામ; આ એનો ઉજાગરાનો દોસ્તદાર.

કીટલીમાં કાવો થાય ને વાટકીમાં ઠરે. પછી ચાઊસ બિચારો એકલો, કેવળ એકલો ! એકાંત શાંત રાત્રિએ સાવ એકલો. જગત આખામાં એકલો કાવાની પ્યાલી મોઢે માંડે ને ગટગટાવી જાય.

ચાઊસ ટટ્ટાર થાય. ફરી વાર અરબી ગીત લલકારે. વખતે વખતે ઘરડે ઘડપણે એકલો એકલો નાચે પણ ખરો. પાછો 'રોન' લગાવે. બધું બરાબર : આલબેલ!

રાત ભાંગતી જાય છે. દંગાવાળા ચોકીદારો ઘડિયાળના ટકોરા નથી મારતા. રોનવાળા પણ ઊંઘી ગયા છે. એક ચાઊસ જાગે છે. આંખે એક મટકું પણ નથી.

ચાર વાગે; પાંચ વાગે. ઉગમણે ઉજાસ થાય. હવે ભળકડું થશે, પ્રભાત થશે. તારા સંતાઈ જશે, સૂરજ ઊગશે.



ચાઊસને એનું શું ?

એનું કામ ખલાસ થવા આવ્યું છે. છેલ્લો ફેરો લગાવે છે. વજૂ કરે છે; નમાજ પઢે છે. "અલ્લાહો અકબર !"

સવાર કેવી પડે તેની ચાઊસને શી તમા ? ચાઊસ ઓરડીમાં જાય છે, રોટલા ઘડે છે, નાસ્તો કરે છે.

શેઠ ઊઠ્યા છે; મોંમાં દાતણ છે અને ઓશરીમાં આંટા મારે છે.

ચાઊસ કહેશે : "આલબેલ."

શેઠ કહે છે : "અચ્છા."

ચાઊસની નોકરી ખલાસ.

ચાઊસ ગામમાં જશે. તરકારી લાવશે; છરો ઘસાવશે; જોડા સંધાવશે; તાવડી ખરીદશે; બે આરબોને મળશે ને ઓરડીએ પાછો આવશે.

બપોર થશે; ઊંઘી જશે.

---

વજૂ કરવું=હાથપગ ધોવા    તરકારી=શાક

સાંજ પડવા આવશે; કુરાન વાંચશે.
સાંજ પડશે; નમાજ પઢશે.
રાત પડશે; ચોકીએ બેસશે.
પાછી સવાર; પાછી સાંજ.
પાછી સવાર; પાછી સાંજ.

☆

## રેવો પૂજારી

રેવો બહુચરાજી માતાનો પૂજારી. માતાજીનું મંદિર ગામની વચ્ચોવચ્ચ. માતાજી પુરાતની દેવી. ગામના રાજાની કુળદેવી; ગામની પ્રજાની બહુચર મા.

રેવો માતાજીનો પૂજારી. માતાનું મંદિર જૂનું પુરાણું. જૂના એના પથ્થર, જૂની એમાં કોતરણી, જૂનાં એમાં જાળિયાં ને નકશીકામ, ને જૂનોજૂનો કેટલાંય વર્ષનો જૂનો ખોખરો થઈ ગયેલો એક ઘંટ.

રેવો આ મંદિરનો પૂજારી.

માજી ગોખલામાં બેઠેલાં. ગોખલો આંગીએ જડેલો. ઉપર માજીનું મોં ને માથે માજીને ચૂંદડી. એમ લાગે કે માતાજી સોળ કળાનાં, સોળ શણગારે, એવાં ને એવાં બેઠાં જ છે!

રેવો આ માતાજીનો પૂજારી.

---

આંગી=માતાજીની મૂર્તિનાં રંગબેરંગી પતરાં અને કાચનાં શણગાર

સવાર પડે ને રેવો નાહીધોઈ, ચંડીપાઠ ભણી, પાઠપૂજા આટોપી; ટીલાંટપકાં કરી, પાઠ ભણતો માતાને મંદિરે આવે.

ગોખે માજી વિરાજેલાં હોય. અખંડ દીવો બળતો હોય. બધું શાંત શાંત હોય. ઘંટ વાગ્યો ન હોય; નગારું પણ ધણધણ્યું ન હોય; ત્યાં રેવો મહારાજ આવે.

રેવો બારણાં ઉઘાડે. મંદિર આખું વાળી નાખે. માનો ગોખ લૂછી નાખે ને પૂજાકામ આરંભે. ચંડીપાઠ ભણતો જાય ને માની સેવા કરતો જાય. માને નવરાવે, ચંદન કરે, ફૂલ ચડાવે ધૂપદીપ કરે ને ટોકરી વગાડે. આરતી કરી રેવો મંત્રપુષ્પાંજલિ ભણે. હાથમાં ફૂલો લે ને મંત્રો ભણે.

મંદિર કંઈ રૂડું લાગે! મા તો જાણે સાક્ષાત જીવતાં ભવાની બેઠાં! ધૂપ ને દીવો; એથી તો એવી ટાઢક વળે કે વાત કરો મા. સવારે કોઈ દર્શને આવે, ને કોઈ ન પણ આવે. સવારની પૂજા પૂરી થાય ને રેવો નગારું વગાડે, ઘંટ વગાડે, પાછે પગે ચાલીને માને નમે ને બારણાં બંધ કરી મંદિર બહાર નીકળી જાય.



રેવો પૂજારી પાકો એવો દેવીભક્ત. પાછો ઘેર જઈ ચંડીપાઠ ભણે. સિંદૂરની આડ કરે, જંત્રની પૂજા કરે ને બાર ઉપર બે વાગે દેવીકૃપાથી રોટલા ભેગો થાય.

રેવા પૂજારીને ગામ ખાતે વરસોંદ મળે : માતાજીની પૂજા કરવાની. કોઈને ત્યાં ચંડીપાઠ બેસારવો, ભૂતપલિતને હાંકી કાઢવું, માજીની મહેર કરી દેવી, એટલું એનું કામ.

બપોર વચ્ચે રેવો જરા આડે પડખે થાય; રોંઢે રેવો બજારે જાય ને સાંજે મંદિરે આવે.

સાંજે પાઠપૂજા લઈ જાય. રેવો આરતીની તૈયારી કરે. આરતીમાં ઘીએ ઝબોળેલી વાટો મૂકે, દીવાસળીથી સળગાવે, ફરતી પાણીધાર કરે, હાથમાં ટોકરી લે ને આરતી ગાય :

"જે આદ્યશક્તિ, મા ! જે આદ્યશક્તિ !"

ભાવિક જનોમાંથી કોઈ ઝાલર વગાડે, કોઈ ઘંટ વગાડે તો કોઈ નગારું વગાડે. બીજા જનો તાળીઓ પાડે ને બીજા આરતી ગાય. મંદિર ગાજી ઊઠે. દીવાથી ને આરતીથી માનો મીનાકારી

---

વરસોંદ=દર વરસે મળવાની રકમ

મીનાકારી=સોનાચાંદી પર રંગીન કામ-કારીગરી

ગોખ ઝળહળી રહે.

માનો આરતી વખત એટલે આનંદનો સમય. 'અંબેમાતકી જે!' 'ઉગમણા ગોખવાળીની જે!' એમ બોલાય ને આરતી પૂરી થાય.

રેવો સૌને આરતી આપે, સૌ હાથ લઈ આંખે અડાડે. પછી રેવો સૌને એક એક ફૂલ આપે. સૌ ફૂલને બે હથેળી વચ્ચે સાચવી રાખે, ને રેવો મંત્રપુષ્પાંજલિ બોલે; એની સાથે બીજા પણ મંત્રપુષ્પાંજલિ બોલે.

મંત્રોચ્ચાર પૂરો ને માજીના ગોખ ઉપર કેટલાં યે ફૂલો પડે.

પછી સૌ નમી નમીને દર્શન કરી ઘેર જાય. એકેએક સેવક આવી રહે, વાળુ વખત વીતવા માંડે, ત્યારે રેવો પૂજારી બહુચરાજીના ભાવથી દર્શન કરે, નમન કરે ને બારણાં બંધ કરી ઘેર આવે.

"જે માડી! તું કરે તે ખરી." કહીને રેવો હાથપગ ધોઈને વાળુ કરવા બેસે.

વાળુ કરી રેવો માનું નામ લઈ ખાટલે પગ દે, ને થોડી વારે ઊંઘી જાય.

☆

## હાજો પગી

હાજો જાતનો કોળી હતો : ચૂંવાળિયો કોળી હતો.

હાજો પાકો ભરાડી. હાજે એક નહિ પણ અનેક ખાતર પાડેલાં. હાજે બેપાંચ વાર તો જેલનાં દર્શન પણ કરેલાં.

હાજો શકદાર ખરો ના, એટલે ત્રણ વાર હાજરી આપવી પડે.

સવારે સાત વાગે ને ચકલે હાજરી લેવાય—

"ખીમા રૂડા ?"

"જી ! હાજર."

"દેવા લઘા ?"

"જી ! હાજર."

"મેઘા પેમા ?"

"જી ! હાજર."

"હાજા માવા ?"

"જી ! હાજર."

---

ભરાડી=હરામખોર, તોફાની

રાતના નવ વાગે ને ચકલે હાજરી લેવાય ત્યારે પણ હાજો કોળી હાજર જ હોય.

અને છતાં રાતમાં હાજા કોળાએ એકાદ ખાતર તો પાડ્યું જ હોય.

રાતખુઢો હાજો અમારી સીમમાંથી ઊપડે. આઠ ગાઉ, દસ ગાઉવેરે નીકળી જાય; ખાતર પાડી સવાર પડે ત્યાં તો ઘરભેગો થઈ જાય.

પારકી હદમાં ખાતર પાડે, ને ચોર ત્યારે હાજો કોળી. કોણ પકડે અને કેવી રીતે ?

અમારા દરબારે એને પગીમાં રાખ્યો. દરબારે વિચાર્યું : "આવો જબરો કોળી ચોરી કરે તે ખોટું, એના કરતાં તો એ ચોર પકડે તે વધારે સારું."

હાજો કોળો પગી રહ્યો એટલે અમારા ગામના ચોર ભાગ્યા. હાજો કોળી ખાતરના સગડ ઓળખે. એવો તો સગડને પારખવાવાળો કે ખાતરથી ઠેઠ એના ઘર સુધી પગેરું લઈ જાય.

હાજો પગી પચીસ વરસનો જુવાન હતો. માથે રાતું મધરાસિયું બાંધતો. ડિલે ચીણવાળું

રાતખુઢો=રાત દરમિયાન    ગાઉવેરે=ગાઉને અંતરે
સગડ=પગલાંની નિશાની    પગેરું=ચોરનું પગલું



કેડિયું પહેરતો ને હેઠે ફૂમકિયાળી નાડી બાંધતો; પગમાં ગાંડા મોચીના ફૂદડીવાળા જોડા પહેરતો, અને હાથમાં કડિયાળી મોટી જબરી ડાંગ રાખતો.

હાજો પગી મારા બાપાને ઓળખતો ને વારે વારે અમારે ઘેર આવતો.

અમે કહેતા : "જોયો પેલો હાજો પગી ! સાહેબના તંબુમાંથી તિજોરી ઉપાડીને આવ્યો હતો તે."

*

# કાળો પાણીવાળો

અમારું ગામ નહિ શહેરમાં, નહિ ગામડામાં. નહિ ત્યાં ઘેરઘેર નળ કે નહિ ત્યાં પાદરમાં પાણી; નહિ નદી કે નહિ નવાણ. ગામની નદી ઉતાવળી. નામ એવા જ ગુણ. ચોમાસામાં બે કાંઠે પાણી ને ઉનાળામાં બે કાંઠે કાંકરા! ઉનાળામાં પાણીની તો રાડ બોલે. એટલે દૂર પાણીએ જવું એટલે જગન્નાથજીની જાત્રા! એક કલાકે એક બેડું આવે. પાણી લાવવું એટલે વહેતું પાણી ભરી લેવાનું નહિ; કૂવામાંથી સીંચી લેવાનું પણ નહિ. કૂવાનું પાણી ભાંભળું આવે. એ તો નદીએ જઈ વીરડો ગાળવાનો, પાણી ઉલેચવાનું ને એ આછરે એટલે છાલિયે છાલિયે ભરવાનું.

અમારા ગામમાં પાણીનું દુઃખ પૂરેપૂરું.

કાળો ત્યાં પાણીવાળો. કાળો એનું નામ હતું; રંગે એ ઘઉંવર્ણો હતો.

કાળાએ પાણીની ગાડી કરેલી. અમે એનું પાણી બંધાવેલું. કાળો રોજ સાંજે ગાડી લઈને



આવે એટલે દૂરથી સાદ પાડે : "એ....હાલજો બાપા! પાણી ઉતારવા." કાળો ધકબક કરતો આવે. કાળાને કેટલાંય ઘરાકો, દી આખો ગાડી હાંકે તો ય સાંજે નવરો ન થાય. કાળો આવ્યો કે સૌ પાણી ઉતરાવવા દોડે. "એ કાળાભાઈ આવ્યા! ચાલો ઉપાડો : ગોળી, ગાગર, ઘડો, માટલું, કળશો : જે કાંઈ હાથ આવે તે."

કાળો કહેશે : "ઉપાડો મારા બાપા! લાવો લાવો; ઝટ લાવો. ઠામ લાવો. એ....નહિ લાવો તો હું મારે આ ચાલ્યો."

કાળો ઉતાવળો ખરો પણ ભલો ય ખરો. ઉતાવળ કરાવે પણ ભાગી ન જાય. કોઈ પાણી ઉતારનાર ન હોય તો પોતે ઉતારે; કોઈ ગળનાર ન હોય તો પોતે ગળે; વીછળનાર ન હોય તો પોતે વીછળે પણ ખરો.

કાળો જાતનો કોળી પણ એમ તો બ્રાહ્મણ વાણિયા જેવો સુંવાળો, મોડો વહેલો પાણી પહોંચાડે જ પહોંચાડે. ભલે ને સાંજ પડી ગઈ હોય, ને વખતે રાત પડવા આવે, પણ કાળો આવ્યા વિના ન રહે.

બાપા કહેશે : "હવે કાળો નહિ આવે;

પાડોશીને ત્યાંથી ઉછીનું પાણી લાવો."

ત્યાં તો કાળો દેખાયો જ છે!

"કાં ભાઈ! વાર કેમ લાગી?"

"એ તો ગજાનનભાઈને ત્યાં જરા વધારે પાણી જો'તું'તું તે ફરી વાર ભરવા ગ્યો'તો."

બાપા કહેશે : "ખરા, ખરા! આ કોળી બીજા."

કાળો કહેશે : "એમ તે કાળો કોઈ દી પાણી વિના રાખે?"

☆

## ધુધો ગાડીવાળો

ધુધો વળાનો કોળી; અમે એને ધુધાભાઈ કહેતા. બા એને ધુધલો કહે, ને બાપા એને કોળીભાઈ કહે.

ધુધો ગાડીભાડાં કરે. એક રાખે ઘોડાગાડી ને બે રાખે ઘોડા.

ધુધો વળાથી ધોળા ને ધોળાથી વળા, એમ એક દિવસમાં બે ભાડાં કરે.

ધુધો ચોરણી પહેરે; ઉપર પહેરણ ને કબજો ને એની ઉપર કેડ સુધી (હાફ) કોટ, ને માથે ફૂમકાં લટકાવે; ને કોટ શિકારી કટનો કરાવે.

ધુધો જુવાનજોધ હતો.

ધુધો ઊંચો તાડ જેવો હતો.

ધુધો ફંઢમૂઢ રાભડો હતો.

ધુધો ધમધમ ચાલતો.

ધુધાને મૂછનો માત્ર દોરો ફૂટેલો.

---

રાભડો=જાડો

ધુધો બાબરાં તો વાળીવાળીને ઓળે.

ધુધો હાથમાં સોટી રાખે.

ધોળા જવું છે, તો કહી આવો ધુધાને. " એ ધુધા! કાલે ધોળા જવું છે, ભાડું શું લઈશ ? "

" અરે ભાડાબાડાનું જે કહેશો તે. ધુધા સાથે વળી બોલી હોય કે ? "

રાતના ચાર વાગે ને ઘોડો ખોંખારે. " એ ભગવાનજી દાદા ! એ ભગવાનજી દાદા ! "

" કોણ, ધુધો કે ? "

" તૈયાર છો કે ? "

" એ હા, આવે છે. અરે શાંતિ, દામુ ! ઊઠ્યા કે ? "

" એ ચાલો ચાલો, પાછું ગાડીએ નહિ પોં'ચાય. "

ગાડીમાં બેઠા કે ધુધે સિસકારો કર્યો ને ઘોડે તબડાવી મૂક્યાં. ધુધાનો કાંઈ ઘોડો !

મોંસૂજણું થયું ત્યાં તો રામપર આવ્યું.



" એ ધુધાભાઈ! જરા ગાડી ઊભી રાખો; દાતણ કાપી આવીએ. "

" એ...ઉતાવળ રાખજો. હજી અરધે ય આવ્યા નથી. "

દાતણ લીધાં ને ગાડી દોડાવી મૂકી.

ઉમરાળાની નદી આવી. નદી બે કાંઠામાં વહી જાય.

ધુધો કહેશે : " એ હવે હેઠા ઊતરો. ઘોડો ભાર નહિ ખેંચે. "

પગ પાણીમાં અને હાથમાં જોડા. અમે મોઢા આગળ અને વાંસે ધુધાની ગાડી. ધીરે ધીરે ગાડી સામે કાંઠે ચડે. પાછા તૈયાર.

ઉમરાળા મૂકીએ ને ધોળા દેખાય. " એ ભારખાનું જાય. એ....મેલનો પાવો વાગ્યો. "

ધુધો કહે : " ક્યાંક ગાડી ચુકાય નહિ ! " ઘોડાને બે સબકારા મારે ને ઘોડો ચારે પગે ઊપડે. પા ઘડીમાં ધોળાના સ્ટેશનમાં.

ધુધો ભાડું લઈ લે; માલ ઉતારી નાખે; હાશ કરીને ઊભો રહે.

ધુધો જાતનો કોળી પણ ધુધો ખાનદાન.

ધુધો ભાડું વધારે ન લે; ધુધો ધીમી ગાડી ન હાંકે; ધુધો રસ્તે કજિયો ન કરે; ધુધો છૈયાં-છોકરાંને સાચવે; ધુધો સ્ત્રીઓને તો માબ્હેન સમજે; ધુધો વાણિયાબ્રાહ્મણ જેવો.

ધુધો વળાનો ગાડીવાળો. દસ વરસ પહેલાં ગુજરી ગયો.

☆

## પાંચો ભરવાડ

પાંચો પહેલી વીશીનો જુવાન માટી. મોઢું ગોળ, ફૂટતી મૂછના દોરા, મારકણી આંખો, કાળાં ભમ્મર જેવાં નેણ ને લાંબુ અણિયાળું નાક. પાંચો રૂપાળો હતો.

પાંચો ઓડિયાં રાખતો ને માથે નવઘરું પહેરતો. નવઘરામાં પાંચો દાંતિયો ખોસતો. પગમાં તોડા, હાથમાં કડલી ને કાનમાં ફૂલ. પાંચો પૈસે પહોંચતો હતો.

લફલફિયો ચોરણો, ચીણવાળું કેડિયું ને પાસાદાર બાંધણું રાખતો. પાંચો આગળ ને વાંસે બકરાં. બકરાં કટકટ સટસટ કરતાં ચાલ્યાં આવે. બાવળબોરડી ખાતાં જાય, આકડોઆવળ કરડતાં જાય ને આગળ વધતાં આવે.

પાંચો આઘે જઈને પાછું વાળીને જુએ કે કોઈ બકરું છૂટું તો નથી પડ્યું ના? "એ ઊ....ઓલ્યું ટોયલું રહી ગયું. એ ટીલવું રખડે. એ પણે સુખરી કો'કના વાડામાં પડી!"

માટી=મરદ નવઘરું=પાઘડી

પાંચો ડચકારા કરે : " હટહટ પટપટ ટોચલું હે...એ ! ટીલવું હે....એ ! સુખરી હે....એ ! કટ કટ કટ, ફટ ફટ ફટ. " બકરાં દોડ્યાં આવે ને પાંચાની ફરતાં ફરી વળે.

પાંચો ટેકરે ચડે ને દેરી પાસે બેસે. બકરાં ટેકરાં ઉપર વેરાઈ જાય ને કુડ કુડ કુડ ચરવા માંડે.

માધિયો આઘેથી લલકારે. પાંચો ઊભો થાય ને લાકડીને ટેકે અઢેલે, કાનમાં આંગળી ખોસે ને સામે ઉત્તર દે.

આ....ને પછી તો સામસામી ચાલે. પાંચો ને માધો : જુવાનડાની જોડલી ! દુહાની ત્રમઝટ વરસાવે.

પછી પાંચો ને માધો ભેગા થાય અને બપોરા કરે. હોકલી પીએ ને સોપારીના કટકા ખાય. બેઉ ભાઇબંધ નિતનવી હાંકે ને દી બધો હિલોળા કરે. બકરાં તો ચર્યા કરે.

સાંજ પડે ને સૂરજ હેઠા નમે ને તડકા સોને રસે. પાંચો ને માધો ઘર ભણી ચાલી નીકળે. મોઢા આગળ પાંચો, વાંસે માધો ને વચમાં બકરાં.

સળળળ સળળળ કરતું જનાવર બધું



ચાલ્યું જાય.

પાંચો પાંચાને નેસે જાય ને માધો એને નેસે જાય.

પછી પાંચો ખાટલો ઢાળીને બેસે; માથાબાંધણું બાજુએ મૂકે ને હોકલી કાઢીને પીએ. માડી કહેશે : " પાંસા ! આ બોઘરણું દોઈ દેજે. "

હોકલી હેઠે મૂકીને પાંચો દોહવા બેસે : સરડ સરડ, ટરન્ ટરન્ બોઘરણીમાં થતું જાય ને દૂધ વધતું જાય.

ઘડીમાં પાંચો દૂધ દોહીને બાજુએ ખસે. બકરાં ચાળાને ધુમાડો કરે અને વાડામાં લઈ જઈને પૂરી દે.

પછી પાંચો બેસે રોટલા ખાવા. હાથમાં રોટલો ને તાંસળીમાં દૂધ. આ...ને મજાના ત્રણ રોટલા ટટકાવે ને ઉપર બે તાંસળી દૂધ પીએ.

હોઇયાં કરીને ઊભો થાય, અને ખાટલી ઢાળી લાંબો થઈને સૂએ.

વા વાય કે વીજળી થાય, ટાઢ પડે કે ઘામ થાય; પાંચાને એક ઊંઘે સવાર !

---

નેસ=રબારી કે ભરવાડનું રહેઠાણ

# દેવો જોશી

દેવો જોશી અમારા નાના કાકાના વડસસરા.

દેવો જોશી સિત્તેર ઉપર પાંચ વરસના.

દેવો જોશી બેઠી થડીના, શરીરે ભરેલા ને વાને ગોરા.

દેવો જોશી આગલા જુગના.

એટલાં વરસ થયેલાં પણ કાયા કાંતિવાળી, આંખ તેજભરી, કપાળ ઊંચું ને ચળકતું અને યાદશક્તિ હજી એવી ને એવી.

દેવો જોશી પ્રથમ તો લીંબડીએ ભણવા લયેલા. જૂના વખતના વિદ્યાર્થી ઘેરથી ચાલીને ભણવા જતા; ગુરુને ત્યાં દીકરા જેમ રહેતા ને મહેનત કરીને ભણતા. શામજી ગુરુને ત્યાં જોશી ભણેલા. ગુરુ એને પ્રસન્ન હતા.

પછી દેવો જોશી પાંચ વરસ કાશીએ પણ રહી આવેલા.

દેવો જોશીનું જોશ એટલે બ્રહ્માના અક્ષર. તે બોલ્યા એ બોલ્યા, એમાં ફરે નહિ. એની વિદ્યાનું એવું બળ.

એવી એની વિદ્યા, પણ જાશીને નહિ માન કે નહિ અપમાન. નહિ એમ કે આ રાજા એટલે એનું જોશ સારું જોવું, ને આ રંક એટલે એનું કાંઈ નહિ.

દેવો જોશી જે આવે એને કોથળા પર બેસારે. પોથી કાઢીને પૈસો કે સોપારી મુકાવે. પાટી ને પેન લે; તડકામાં જઈ છાંયો માપી વખત લે, ને પછી આંકડા મૂકે. જોશી ટીપણું જોતા જાય ને આંકડા મૂકતા જાય. જેવું આવે એવું કહી દે; છાંદો ન કરે. જોવરાવનારને જે દેવું હોય તે દઈ જાય; પાઈ દે કે પાંચસો રૂપિયા દે, દેવા જોશીને લાખ જેવા.

દેવો જોશી એમ તો વિદ્વાન ને રાજમાન્ય. ઘેર ગાડી આવે ને રાજા તેડાવે, પણ જોશી પગે ચાલીને જાય. કહેશે : "રાજની ગાડી તો પાંચ દિવસ છે."

દેવો જોશી એટલે સંતોષી ને સુખી.

નાનું એવું એનું ઘર હતું; નાની એવી ઓશરી હતી. ત્યાં જોશી કોથળો નાખીને બેસતા. એક ખડિયો ને લેખણ; એક ટીપણું ને પાટી–

---

છાંદો=છાનું રાખવું તે

પેન; બસ, આવી રહ્યું !

જોશી જે કાંઈ મળે તેનાથી ઘર ચલાવે. રોટલા, છાશ, શાકપાંદડું, જે ભગવાને આપ્યું તેનાથી પેટ ભરે.

દેવા જોશીને અમે ભાળેલા. અમે તો તે દિવસે નાના; એનું ટીપણું લઈને ઉખેળીએ ને ગાડી કરીએ.

જોશી હસીને કહેશે : "છોકરાવ ! લાવો વાંટી દઉં. લ્યો, આ બોર છે તે ખાવ."

અમને બોર આપે ને જોશી ટીપણું સંકેલવા બેસે.

કોઈ જોશીને જોતાં દેવા જોશી જરૂર જરૂર સાંભરે છે.

☆